ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૮ કેસ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૮ કેસ કોરોના પોઝીટીવ મળી આવતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે. આજે નોંધાયેલા ૮ કેસ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારનો આંક ૫૮ પર પહોંચ્યો છે. ૮ કેસો ગ્રામ્ય વિસ્તારમાં નોંધાતાં સમગ્ર જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે.

આજે નોંધાયેલા કેસોમાં ૬ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે જયારે બે કેસ કલોલ તાલુકાના કલોલ અર્બન વિસ્તારમાં નોંધાયા છે. આજે કલોલ અર્બનના અગાઉ નોંધાયેલા મહિલા દર્દી સંપૂર્ણ રીતે સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે જેની સંખ્યા ૩૧ છે. આ પછી દહેગામમાં ૧૧, કલોલમાં ૧૦ અને માણસામાં પાંચ કેસ નોંધાયા છે.

ગાંધીનગર-કલોલ અને દહેગામ અમદાવાદ સાથે વધુ સંકળાયેલા છે અને આ તાલુકાઓનું જનજીવન પણ અમદાવાદ સાથે જોડાયેલું છે.

આજે નોંધાયેલ ૮ કેસમાં ૫ મહિલા દર્દી છે જયારે ૩ પુરુષ દર્દી છે. આ તમામને સારવાર ચાલુ કરી દેવામાં આવી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના નોંધાયેલા કેસોમાંથી ૪૨ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે અને તેમની તબિયત સ્થિર છે.

આજે જે કેસ નોંધાયા છે તેમાં કુડાસણના એક જ પરિવારના ૩ સભ્યનો સમાવેશ થાય છે. શિવમ કુટિરમાં અગાઉ નોંધાયેલ કેસના દર્દીના જ પરિવારના સભ્યો છે. આજે ૩ કેસમાં જે આ પરિવારના નોંધાયા છે તેમાં ૮૯ વર્ષની વૃધ્ધા, ૫૯ વર્ષની આયુ ધરાવતી મહિલાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત નાના ચિલોડા ખાતેથી પણ આજે વધુ બે કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આમાં એક યુવાન અને એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. નાના ચિલોડા વિસ્તારમાં મળેલા કેસો હદના વિવાદમાં કયારેક અટવાઈ જતા જોવા મળ્યા છે.

ગાંધીનગર તાલુકાનો ૬ઠ્ઠો કેસ રાંદેસણ ખાતે નોંધાયો છે. મળતી વિગતો પ્રમાણે આ મહિલા દર્દી આરોગય તંત્ર સાથે સંકળાયેલ છે અને તેણીનીને સારવાર માટે કોલવડા કોવિડ કેર સેન્ટર ખાતે લઈ જવામાં આવેલ છે.

કલોલ તાલુકાના કલોલ અર્બન હેલ્થ સેન્ટરના વિસ્તારમાં અગાઉ નોંધાયેલ કેસના પરિવારમાં વધુ ૨ કેસ નોંધાયા છે. તંત્ર દ્વારા આ વિસ્તારમાં સઘન સર્વેલન્સ તેમજ સેનીટાઈઝેશનની કામગીરી હાથ ધરી દેવામાં આવી છે.

જિલ્લામાં કોરોના સંક્રમણના વધતા જતા કેસો મોટે ભાગે લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયા છે તેવું પ્રાથમિક તારણ તંત્રને જાણવા મળેલ છે.

રાજ્યના આરોગ્ય તંત્રનો સ્પષ્ટ નિર્ણય

ગાંધીનગર, તા. ૮

રાજ્યના આરોગ્યતંત્રે કોઈપણ તબીબ, પેરા-મેડિકલ સ્ટાફ રાજીનામુ આપે તો તેનો સ્વીકાર કરવામાં આવશે નહિ તેવો મહત્વનો નિર્ણય લીધો છે.

કોવિડ-૧૯ની સ્થિતિમાં રાજ્યના આરોગ્ય વિભાગનું કડક વલણ. જો કોઈ કર્મચારી રજા પર ગયો હોય તો તાત્કાલિક રજાઓ રદ કરવાના આદેશ કરવામાં આવ્યા છે. મેડિકલ અને નિવારી ના શકાય તેવી રજા પર ગયેલા કર્મચારીઓ રજા રદ કરાયા પછી પણ હાજર થાય નહિ તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી સૂચનાઓ આપવામાં આવી છે.

સે. ૨૪ માંથી કોરોનાનો એક વધુ કેસ મળી આવ્યો

સે. ૨૪, ૨૯ અને સે. ૨ માં અત્યાર સુધી ૭-૭ કેસ નોંધાયા છે : શહેરમાં કોરોનાના કુલ કેસ ૩૯

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૧ કેસ કોરોના પોઝીટીવનો નોંધાયો છે. સે. ૨૪ માંથી જ આ કેસ મળી આવેલ છે. આ સાથે સે. ૨૪ માંથી મળેલા કેસની સંખ્યા ૭ પર પહોંચી છે.

મનપાના તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે નોંધાયેલ મહિલા દર્દી એ અગાઉ નોંધાયેલ એક દર્દીના પરિવારમાંથી જ છે. આ મહિલા દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૯ પછી સે. ૨૪ માં અને સે. ૨ માં સાત-સાત કેસ નોંધાયા છે. જો કે તંત્રે શહેરી વિસ્તારમં સઘન સર્વેલન્સની કામગીરી શરૂ કરવા ઉપરાંત માસ સેમ્પલીંગની કામગીરી પણ સઘન બનાવી છે.

મનપા વિસ્તારમાં લોકડાઉનનો અમલ પણ સપ્તાઈ સાથે કરવામાં આવી રહ્યો છે. હાલ મનપાના કન્ટેઈનમેન્ટ ઝોનમાં ૩૦ હજારથી વધુ લોકો ક્વોરોન્ટાઈનમાં છે.

શહેરમાં આજે નોંધાયેલ આ કેસ સાથે નોંધાયેલા કુલ કેસો ૩૯ થયા છે. જેમાં ૨૪ દર્દી હાલ સારવાર હેઠળ છે.

કયા સેક્ટરમાં કેટલા કેસ?

સેક્ટર	કેસ	રિકવર
સેક્ટર-૨	૦૭	૦૦
સેક્ટર-૩	૦૫	૦૨
સેક્ટર-૩ન્યુ	૦૨	૦૦
સેક્ટર-૭	૦૧	૦૧
સેક્ટર-૮	૦૨	૦૦
સેક્ટર-૧૨	૦૧	૦૧
સેક્ટર-૧૩	૦૧	૦૦
સેક્ટર-૨૨	૦૧	૦૦
સેક્ટર-૨૩	૦૪	૦૪
સેક્ટર-૨૪	૦૭	૦૦
સેક્ટર-૨૯	૦૭	૦૬
સેક્ટર-૩૦	૦૧	૦૦
કુલ	૩૯	૧૪

*(એક મૃત્યુ-સેક્ટર-૨૯)

કોરોનાના દર્દીઓની સારવાર કરતા

કોવિડ હોસ્પિટલના સાચા વૉરિયર્સને વિશેષ પ્રોત્સાહક મહેનતાણાની જાહેરાત

ગાંધીનગર, તા.૮

કોરોનાની સારવાર માટે ઊભી કરાયેલી સરકારી કૉવીડ૧૯ હોસ્પિટલોમાં દર્દીઓની સારવાર કરતા સાચા 'કોરોના વૉરિયર્સ' ડૉક્ટરો, પેરામેડિકલ કર્મચારીઓ, સફાઈ કર્મચારીઓ અને અન્ય અધિકારી-કર્મચારીઓને રાજ્ય સરકાર વિશેષ પ્રોત્સાહન આપશે. સમર્પણ અને સેવાભાવથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા મેડિકલ અને પેરામેડિકલ અધિકારીઓ અને કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ નિર્ણય લીધો છે.

આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જયંતી રવિએ આજે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના આ નિર્ણયની જાહેરાત કરતાં કહ્યું હતું કે, કોરોનાના દર્દીઓ સાથે સીધા સંપર્કમાં રહીને નિદાન, તપાસ અને સારવાર આપતા ડૉક્ટરો, પેરામેડિકલ કર્મચારીઓ, સફાઈ કર્મચારીઓ, લેબ ટેકનીશીયન તેમજ કોરોનાના શંકાસ્પદ દર્દીઓના નમૂના લેવાની કામગીરી સાથે સંકળાયેલા અધિકારી-કર્મચારીઓ કે જેમણે ૩૦ દિવસ કે તેનાથી વધારે દિવસો સુધી આ કામગીરી કરી હોય તેમના આ સમર્પિત ભાવને પ્રોત્સાહિત કરવા ખાસ પ્રોત્સાહક માનદવેતન આપવાનો મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી એ નિર્ણય કયો છે. તેમણે જણાવ્યું હતું કે, વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગના તબીબી અધિકારીઓને પ્રોત્સાહન રૂપે રૂ. ૨૫,૦૦૦ નું માનદ મહેનતાણું આપવામાં આવશે. નર્સિંગ સ્ટાફ, લેબ આસિસ્ટન્ટ સહિત વર્ગ-૩ના કર્મચારીઓને રૂ. ૧૫,૦૦૦ નું માનદ પ્રોત્સાહક મહેનતાણું અપાશે. વર્ગ-૪ સંવર્ગમાં ફરજ બજાવતા કર્મચારીઓને રૂ. ૧૦,૦૦૦ નું માનદ મહેનતાણું અપાશે. જ્યારે આઉટસોર્સિંગ અને ફિક્સ પગારમાં સેવા આપતા કર્મચારીઓને રૂ. ૫,૦૦૦ નું માનદ મહેનતાણું પ્રોત્સાહન તરીકે અપાશે. તેમની સેવાઓની કદર કરીને આ પ્રોત્સાહક મહેનતાણું એક વખત એટલે કે સિંગલ ટાઈમ અપાશે.

સારવાર આપતા ડોક્ટરો, પેરામેડિકલ કર્મચારીઓ, સફાઈ કર્મચારીઓ, લેબ ટેક્નીશીયન તેમજ કોરોનાના શંકાસ્પદ દર્દીઓના નમૂના લેવાની કામગીરી સાથે સંકળાયેલા અધિકારી-કર્મચારીઓ કે જેમણે ૩૦ દિવસ કે તેનાથી વધારે દિવસો સુધી આ કામગીરી કરી હોય તેમને પ્રોત્સાહિત કરવા ખાસ પ્રોત્સાહક માનદવેતન આપવાનો નિર્ણય

પ્રવેશ નિયંત્રણ - લોકડાઉનના અસરકારક અમલ માટે જાહેર કન્ટેઈનમેન્ટ એરિયામાં પ્રવેશ માટે મુલાકાતીઓએ વિગતવાર નોંધ કરાવી પડે છે... દરેક કેન્ટેઈનમેન્ટ એરિયામાં સત્તાવાહકો દ્વારા અવર-જવર માટે રજીસ્ટર મેઈન્ટેઈન થાય છે.

આજે વધુ ૩૩ ટ્રેનો રવાના થશે

ગાંધીનગર, તા.૮

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દિશાનિર્દેશનમાં રાજ્ય સરકારના વહિવટી તંત્રએ ભારત સરકાર સાથેના સંકલન દ્વારા ગુરૂવાર સુધીમાં ૯૪ વિશેષ ટ્રેન અને આજે અન્ય ૩૩ ટ્રેનો એમ કુલ મળીને ૧૨૭ જેટલી ટ્રેનો દ્વારા ૧ લાખ ૫૩ હજાર જેટલા અન્ય રાજ્યોના શ્રમિકો-વ્યક્તિઓને તેમના વતનમાં મોકલવાની વ્યવસ્થા કરી છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનિકુમારે આ અંગેની વધુ વિગતો આપતા જણાવ્યું કે, સમગ્ર દેશમાંથી આવી ૧૬૩ વિશેષ ટ્રેનની ગુરૂવાર સુધીમાં પરપ્રાંતિય શ્રમિકોને વતન રાજ્ય માટે ચલાવવામાં આવી છે તેમાં સૌથી વધુ ૯૪ ટ્રેન એકલા ગુજરાતમાંથી રવાના થઇ છે.

શુક્રવારે વધુ ૩૩ સ્પેશિયલ ટ્રેનના માધ્યમથી પરપ્રાંતિઓ, શ્રમિકો અને મજૂરોને ઉત્તરપ્રદેશ, બિહાર, ઓરિસ્સા, ઝારખંડ અને અન્ય રાજ્યોમાં પહોંચાડવામાં આવશે, એમ તેમણે ઉમેર્યુ હતું.

તેમણે વધુમાં જણાવ્યું કે, ગઈકાલ રાત્રી સુધીમાં સુરત શહેરમાંથી ૩૯ ટ્રેનો રવાના કરવામાં આવી છે.

જિલ્લામાંથી આજે ૫૫૦ થી વધુ શ્રમિકોને વતન રવાના કરાયા

અત્યાર સુધીમાં 3 હજારથી વધુ શ્રમિકોને તેમના વતન પરત મોકલાયા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાંથી આજે ૫૫૦ થી વધુ પરપ્રાંતિયો-શ્રમિકોને તેમના વતન પરત મોકલવામાં આવ્યા છે.

આજે આ મુદ્દે જિલ્લાની રાજનીતિ વધુ ગરમાઈ છે. પરપ્રાંતિયોને મોકલવાની યાદી ભાજપના નેતાઓ સુધી પહોંચતી હોવાનો ગંભીર આક્ષેપ કોંગ્રેસના આગેવાનોએ કર્યો છે. જોકે ભાજપના આગેવાનોએ આજે આ મુદ્દે ચુપકીદી સાધી રાખી છે.

આજે ટ્રેઈન દ્વારા આ શ્રમિકોને ઉત્તરપ્રદેશ રવાના કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે. જિલ્લામાંથી અત્યાર સુધીમાં ૩ હજારથી વધુ શ્રમિકોને તેમના વતન પરત મોકલવામાં આવ્યાનું પણ જાણવા મળેલ છે.

ટ્રેઈનમાં રવાના કરતાં પહેલાં આ શ્રમિકોનું સ્ક્રીનીંગ કરવામાં આવે છે તેમજ બસમાં પણ સોશિયલ ડિસ્ટસીંગ સાથે બેઠક આપી રેલવે સ્ટેશન મોકલવામાં આવે છે. જિલ્લામાં ૧૨ હજારથી વધુ શ્રમિકોએ વતન જવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યુ હોવાની વાતો બહાર આવવા પામી છે.

હેલ્લો... ગાંધીનગર

- ગઈકાલે મનસુખભાઈ માંડવિયાના ટ્વીટરથી સમી ગયેલ અફવા બજાર સુબ્રમણ્યસ્વામીના ટ્વીટરથી ફરી ગરમાયું છે. સ્વામીએ આનંદીબેન પટેલ મુખ્યમંત્રી પદે આવશે તો જ સ્થિતિને નિયંત્રિત કરી શકાશે એવું ટ્વીટ કરતા અફવા બજાર ગરમાયું હતું.
- ગાંધીનગર દરરોજની જેમ શુક્રવારની સાંજે પણ નવી નિમણુંકના સમાચારથી પડી હતી... સિવિલ હોસ્પિટલના નિવૃત્ત સુપ્રિન્ટેન્ડેન્ટ પ્રભાકરની પુનઃ નિમણુંકના આદેશ થયા હતા.
- ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા જાહેર ૧૧ સ્થાનો પર સાબુથી હાથ ધોવાની વ્યવસ્થા ગોઠવાઈ છે.
- હેલ્પલાઈન દ્વારા ૩૬૮૦ નાગરિકોને અત્યાર સુધી સંતોષકારક માર્ગદર્શન અપાયાનું મનપાની યાદીમાં જણાવ્યું છે.
- સેક્ટર-૭ પોલીસ સ્ટેશન પાસે વહેલી સવારે એક યુવક પથ્થર મારીને ભાગી ગયાની ચર્ચા દિવસ દરમિયાન ચાલી હતી.
- ગુડા વિસ્તારમાં વધતા કોરોના કેસને પગલે સંબંધિત ગામો સતર્ક બન્યા હતા અને શટડાઉનના ઠરાવો કર્યા હતા. જોકે ગુડા ઓથોરિટી દ્વારા હજુસુધી કોઈ આદેશો બહાર નહિ પડાતા ચિંતા પ્રસરી હતી.
- આજે દિવસ દરમિયાન શહેરની ચેકપોસ્ટ પરથી ૨૮૨૨ મુલાકાતીઓને પરત મોકલાવાયા હતા.

ગાંધીનગરની પ્રેરણા બાયોલોજીકલ રીસર્ચે રેપીડ ડાયગ્નોસ્ટીક કીટ તૈયાર કરી

કોરીયાની મદદથી તૈયાર કરેલી આ કીટ એક કલાકમાં જ દર્દી પોઝીટીવ કે નેગેટીવનો રીપોર્ટ જાણી શકાશે : રીસર્ચ સેન્ટર પાસે હાલ ૧૦ હજાર કીટ ઉપલબ્ધ : એક મહીનામાં ૫ લાખ કીટ સપ્લાય કરી શકશે : રસી તૈયાર કરવાની પ્રક્રીયા સરળ નથી ૬ મહીનાથી એક વર્ષનો સમય લાગે તેમ છે : એ સિમ્ટોમેટીક દર્દીની સંખ્યા વિશેષ : કોરોનાના રીઇન્ફેકશનની શકયતા નકારી શકાય નહી

ગાંધીનગર તા ૮

વિશ્વમાં કોરાનાએ કાળોકેર વર્તાવ્યો છે. કોરોનાના હાહાકારથી સમગ્ર વિશ્વમાં ફફડાટ પ્રવર્તયો છે. વિશ્વના તમામ દેશો કોરાના સામે સતત લડત આપી રહ્યા છે. આવા સંજોગોમાં કોરોનાને ડામવા ભારતમાં પ્રથમ તબક્કાથી જ લોકડાઉનનુ બ્રહ્માશસ્ત્ર અપનાવી કેસને કાબુમાં લેવા પ્રયાસ કરાયો છે. કોરોનાની રસી બનાવાની પ્રક્રીયા પણ સરળ નથી ત્યારે રસી તૈયાર થાય તો પણ ૬ મહીનાથી એક વર્ષ જેટલો સમય લાગે તેમ છે.આવા સંજોગોમાં ઈમ્યુનીટી અપ રાખીને સતત સતર્ક અને જાગૃત રહીને ડગ માંડવુ જ સલામતીની ચાવી છે. કોરોના વાયરસના સંક્રમિત દર્દીને રી ઈન્ફેકશનની વાત પણ હજુ નકારી શકાય તેમ નથી પરંતુ ડરવાની જરૂર નથી. ભારતમાં ૮૦ ટકાથી વધુ દર્દી એ સિમ્ટોમેટીક છે. ત્યારે ટેસ્ટ વધુ કરવામાં આવશે તો ગ્રોથ સ્ટેબલ થાય તેમ સ્પષ્ટ થઈ રહ્યુ છે. સે-૨૫ જી આઈ ડી સી સ્થિત પ્રેરણા બાયોઈનોવેશન રીસર્ચ પ્રા લી ના સંશોધક દિપક બારોટના જણાંવ્યા મુજબ જનતા કરફયુના દિવસથી કામે લાગેલા આ રીસર્ચ સેન્ટરે દક્ષિણ કોરિયાની મદદથી ેરેપીડ ડાયગ્નોસ્ટીક કીટ તૈયાર કરી છે. જેમાં કીટની સાથે બે ઈન્સ્ટ્રુમેન્ટ પણ હશે જેની મદદથી દર્દીના પોઝીટીવ નેગેટીવ રીપોર્ટનો એક જ કલાકમાં ખ્યાલ આવી જશે. સેન્ટર એક મહીનામાં જરૂર પડે તો ૫ લાખ કીટ સપ્લાય કરી શકે તેમ છે જયારે હાલ ૧૦ હજાર કીટ ઉપલબ્ધ છે.

સમગ્ર વિશ્વમાં કોરાનાની રોગચાળાએ ભરડો લીધો છે. વિશ્વમાં ૩૮ લાખથી વધુ કેસ નોંધાયા છે.જયારે રોજબરોજ કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જયારે અત્યાર સુધી ભારતમાં પણ ૫૪ હજારથી વધુ દર્દીઓ નોંધાયા છે. જયારે ૧૮૩૩ જેટલા દર્દીઓનુ મોત નિપજયુ છે. ગુજરાતમાં પણ કોરોનાના ૭ હજારથી વધુ દર્દીઓ છે. જયારે અત્યાર સુધી ૪૨૫ જેટલા દર્દીઓને કોરોના ભરખી ગયો છે. ત્યારે કોરાના વાયરસના કહેરને કાબુમાં લેવા માટે વિશ્વના વિવિધ દેશો યુધ્ધના ધોરણે વેકિસીન તેમજ દવાઓની શોધ કરવામાં લાગી ગયા છે. આ અંગે ગાંધીનગરમાં સે-૨૫ જી આઈ ડી સી સ્થિત પ્રેરણા બાયોઈનોવેશન રીસર્ચ પ્રા. લીના સંશોધક દિપક બારોટે રસપ્રદ માહીતી આપતા જણાંવ્યુ હતુ કે કોરાના વાયરસના મામલે હાલ સૌથી વધુ જનજાગૃતિ અત્યંત અનિવાર્ય છે. કોરાના વાયરસના ચાર સ્ટેઈન છે. વર્ષ ૨૦૦૩માં સાર્સ અને વર્ષ ૨૦૧૨માં મર્સબાદ કોરોના વાયરસના ફેલાવાની શરૂઆત ચીનના વુહાનથી થઈ છે. બેટમાંથી આવેલા આ વાયરસનો ફેલાવો ખુબ જ થતો હોવાથી ભારતમાં સરકારે કોરાનાને કાબુમાં લેવા માટે લોકડાઉન અમલમાં મુક્યુ છે. જયારે લોકડાઉનના સારા પરિણામ પણ મળ્યા છે. લોકડાઉન દરમિયાન નાગરિકોની આરોગ્ય સુખાકારી વધી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જનજાગૃતિ- તાલીમના માધ્યમથી આમ નાગરિકોની હેલ્થ સિસ્ટમ પણ સુધરી છે. આર એન એ કોરોના કન્ટ્રોલ કરી શકાતુ નથી. પરંતુ હવે કોરોના સામે લડત આપવા માટે એકમાત્ર લોકડાઉન જ ઉપાય નથી. વિશ્વના દક્ષિણ કોરીયા , સીંગાપુર, તાઈવાન ,જર્મનીએ કોરોનાની મહામારી વચ્ચે નોંધપાત્ર કામગીરી કરી છે. હજુ કોરોનાની કોઈ દવા નથી શોધાઈ ત્યારે હાલ ઈલાજમાં એન્ટી બેકટેરિયલ એન્ટી વાયરલ ડ્રગનો ઉપયોગ થઈ રહ્યો છે. હેલ્થકેર સિસ્ટમ ડેવલપ કરવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આગામી દિવસોમાં દેશમાં લોકડાઉન ખુલશે ત્યારે જેટલા ટેસ્ટ વધુ થશે તેટલા વધુ કેસ સામે આવશે. ભારતમાં હાલ જે કેસો ધ્યાને આવે છે તે પૈકી ૮૦ ટકાથી વધુ એ સિમ્ટોમેટીક છે. જયારે જેટલા ટેસ્ટ વધુ થશે તેટલો ગ્રોથ સ્ટેબલ થશે. કોરોના વાયરસની રસી શોધાય તો પણ ૬ મહીનાથી એક વર્ષ જેટલો સમય લાગશે. આવા કપરા સંજોગોમાં લોકડાઉન ખુલે ત્યારબાદ જનજાગૃતિ અત્યંત અનિવાર્ય બની રહેશે. ભાવિ સમયમાં રેસ્ટોરન્ટ ચાલશે તો ઓછી સીટ જોવા મળશે જયારે થિયેટર ડ્રાઈવઈનની પેટર્ન મુજબના રહેશે. કોરોના અંગે સર્તક અને જાગૃત રહી કામ કરવા માટે કેમ્પેઈન ચલાવવુ પડશે.ભારતમાં સોશિયલ લગાઉ વધુ છે. મેળાવડા , લગ્નસમારંભ તેમજ ધાર્મિક કાર્યક્રમો એક વર્ષ થઈ શકશે નહીં. બદલાતા ઋતુચક્ર સાથે કોરોના વાયરસનો સેકન્ડ ફેઝ આવી શકે છે. ટુંકા સમયગાળાના ટેસ્ટીંગમાં ૧૫ થી ૩૦ મિનિટનો સમય લાગે છે. આઈ જી એમ અને આઈ જી જી એમ બે પ્રકારે ટેસ્ટીંગનુ મુલ્યાંકન થાય છે. એન્ટીબોડી ડેવલપ થતા સાત દિવસ લાગે છે જયારે પી સી આર ટેસ્ટીંગમાં એકટીવ વાયરસની તપાસ થાય છે જેમાં સમય ઘણો લાગે છે. વર્ષ ૨૦૦૩માં સાર્સ આવ્યો હતો પરંતુ વધુ ફેલાતો ન હતો. જયારે કોવિડમાં વધુ નાગરિકો ઈન્ફેકટ થાય છે તો મૃત્યુદર પણ ઓછો છે. આમછતા ઈમ્યુનીટી સિસ્ટમ સારી હશે તેને વાંધો નહી આવે. હાલના સંજોગો જોતા હવે ઈમ્યુનીટી કાર્ડ હશે તેના જ પાસપોર્ટ બની શકશે.

તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે એકવાર કોરોના વાયરસથી સંક્રમિત થયેલા દર્દીમાં રીઈન્ફેકશન નકારી શકાય નહીં પરંતુ ડરવાની જરૂર હોય તેવુ હાલ લાગતુ નથી. પ્રધાનમંત્રીએ જનતા કરફયુની જાહેરાત કરી તે દિવસથી પ્રેરણા બાયોઈનોવેશન રીસર્ચ યુનિટ રેપીડ ડાયગ્નોસ્ટીક કીટનુ નિર્માણ કરવાના કામમાં કાર્યરત થઈ ગયુ હતુ. આખરે કોરિયાની મદદથી કીટની શોધ શક્ય બની છે. આ કીટની મદદથી તપાસના અંતે એક જ કલાકમાં દર્દી પોઝિટીવ છે કે નેગેટીવ છે તેનો ખ્યાલ આવી જાય છે. કંપની એક મહીનામાં આ પ્રકારની ૫ લાખ કીટ સપ્લાય કરી શકે તેટલી ક્ષમતા છે હાલ ૧૦ હજાર કીટ ઉપલબ્ધ છે. જયારે કીટની સાથે ઈન્સ્ટ્રુમેન્ટ પણ સ્થળ પર કામ કરી શકશે.

નાગરિકોએ ઇમ્યુનીટી સિસ્ટમ ડેવલપ કરવી અનિવાર્ય લોકડાઉનના અંતે પણ નાગરિકોએ સતત જાગૃત અને સતર્ક રહેવુ પડશે : લાઇફ સ્ટાઇલ તદન બદલાઇ જશે : સંશોધક દિપક બારોટ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીકટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com